### ચોરો પણ હવે પોલીસને નબળી માની ગયા હોવાનો પુરાવો આપતો વધુ એક કિસ્સો..!

# પોલીસ સ્ટેશન પાસે કારમાંથી બે લાખની ઉઠાંતરી

**સલામત જગ્યા સમજીને કારચાલકે પોતાની કાર પેથાપુર પોલીસ સ્ટેશનની બાજુમાં પાર્ક કરી ને ચોરોએ ત્યાં પણ બિન્દાસ્તપણે ચોરી કરી : કારના કાચ તોડી અંદરથી ગઠીયા બે લાખ કેશ ભરેલો થેલો ઉઠાવી ગયા : સમૂહલગ્ન સમિતિના પ્રમુખ ખરીદી કરવા પેથાપુર ગયા હતા**

ગાંધીનગર, તા.૩

છેલ્લા ઘણા સમયથી બની રહેલા કિસ્સાઓ જોતા લાગી રહ્યું છે કે હવે પોલીસને ચોરો રીતસરની લપડાકો મારીને લલકાર ફેંકી રહ્યા છે. થોડા મહિના પહેલા રેન્જ આઈજીપી ઓફિસ પાછળના સેક્ટરમાં ચાર મકાનના તાળા તોડીને તસ્કરોએ ગાંધીનગર પોલીસને શરમજનક સ્થિતિમાં મૂકી દીધી હતી. ત્યારબાદ બે દિવસ પહેલા પણ સેક્ટર-૭ માં એવા લોકેશન પર ત્રણ-ત્રણ મકાનના તાળા તૂટયા હતા જ્યાં આજુબાજુ બંને સાઈડ ૫૦૦-૫૦૦ મીટરના અંતરે મોટા પોલીસ સ્ટેશન છે. આ ઘટનાથી સાબિત થતું હતું કે પોલીસ ચોરોને નહીં જ પકડી શકે તેવો ચોરોને પણ વિશ્વાસ છે. હજુ આ બંને શરમજનક કિસ્સાઓમાં પોલીસ કોઈ ને પકડે તે પહેલાં વધુ એક કિસ્સો ધ્યાને આવ્યો છે જેમાં પોલીસ સ્ટેશનની બાજુમાં જ મુકેલી ગાડીના કાચ તોડીને ગઠીયાઓ બે લાખ રૂપિયા કેશ ભરેલો થેલો ઉઠાવીને રફુચક્કર થઈ ગયા છે. આ ઘટના અંગે પેથાપુર પોલીસમથકમાં ફરિયાદ દાખલ થવા પામી છે.

મળી રહેલી માહિતી મુજબ ગાંધીનગર ઈન્દિરા બ્રીજ રોડ ઉપર આવેલા ભાઈજીપુરા પાટિયા પાસે રહેતા સામાજિક અગ્રણી વિષ્ણુભાઈ પ્રહલાદભાઈ ઠાકોર અડાલજ રામાપીર ઠાકોર સમાજ સેવા સમૂહલગ્ન સમિતિના પ્રમુખ છે. ત્રીજી માર્ચે તેમની સમિતિ દ્વારા સમાજનો મોટો સમૂહ લગ્ન કાર્યક્રમ યોજાવાનો છે તેની તડામાર તૈયારીઓ કરી રહ્યા છે. જે અંતર્ગત સાફાની ખરીદી કરવા માટે તેઓ પેથાપુર ખાતે આવ્યા હતા. પોતાની સ્વીફ્ટ ગાડી લઈને પેથાપુર પહોંચ્યા બાદ સૌથી સલામત જગ્યા સમજીને તેમણે પોતાની ગાડી પેથાપુર પોલીસ સ્ટેશનની બાજુમાં પાર્ક કરી હતી. દોઢેક કલાક બાદ ખરીદી કરીને તેઓ પરત ફર્યા અને જોયું તો તેમની ગાડીના પાછળના ભાગના દરવાજાનો કાચ તૂટેલો હતો. દોઢ કલાકના સમયગાળા દરમિયાન પેથાપુર પોલીસ સ્ટેશનની બાજુમાં મૂકેલી તેમની સ્વીફ્ટ ગાડીને ટાર્ગેટ કરીને ગઠિયાઓ કારનો કાચ તોડી અંદરથી એક થેલો ઉઠાવીને ભાગી ગયા હતા. આ થેલામાં રૂ.૨,૦૨,૦૦૦ કેશ પડયા હતા. તે ઉપરાંત સમૂહ લગ્નની પહોંચ બુક સહિતના સાહિત્ય પણ આ થેલામાં ભરેલા હતા. કારના કાચ તોડી ને ગઠીયો બે લાખ રૂપિયા ભરેલો થેલો ઉઠાવી ગયો તેની પોલીસને ખબર તો ન પડી પરંતુ પોલીસ સ્ટેશનની બરોબર બાજુમાં પાર્ક કરેલી ગાડીના કાચ તોડીને અંદર થી બે લાખ ચોરી જવાની ગઠિયાએ કરેલી હિંમત જ કહી જાય છે કે તેને પોલીસથી કેટલો ડર લાગતો હશે..! વિષ્ણુભાઈ ઠાકોરની ફરિયાદના આધારે પેથાપુર પોલીસે ગુનો દાખલ કરીને વધુ તપાસ આરંભી છે.

## ફેબ્રુઆરીમાં ''વસંત પંચમી'' સાથે ફરી ખિલી ઉઠશે લગ્નસરાની મોસમ

ગાંધીનગર, તા. ૩

શહેરમાં એક તરફ કડકડતી ઠંડીનો માહોલ છે ત્યારે બીજી તરફ લગ્નસરાની મૌસમ પણ પુરૂ થવાનું નામ લેતી નથી. આગામી સપ્તાહે ફરી એકવાર અઢળક સંખ્યામાં લગ્નસમારંભોના આયોજન જોવા મળશે જેનું મુખ્ય કારણ તા. ૧૦મી ફેબ્રુઆરીના રોજ આવી રહેલ ''વસંત પંચમી'' છે કેમકે આ દિવસ વણજોયું મુહૂર્ત ગણાય છે.

જાન્યુઆરી માસમાં શહેરમાં સતત લગ્ન સમારંભોની ભરમાર જોવા મળી હતી અને તેના કારણે શહેરના ટ્રાફિકમાં પણ ઘણી ચહલપહલ રહેવા પામી હતી. લગ્ન સમારંભોના મોટી સંખ્યામાં આયોજનના પગલે શહેરના કેટરર્સ, ડેકોરેટર્સ, ફોટોગ્રાફર્સ, ખાનગી ટ્રાન્સપોર્ટસ સહિત અને ધંધામાં તેજી પણ જોવા મળી છે. જોકે શહેરમાં હજુ પણ આ લગ્નગાળાની મૌસમ ઓસરવાનું નામ લેતી નથી અને ફેબ્રુઆરી માસમાં પણ ખૂબ મોટી સંખ્યામાં લગ્ન સમારંભોના આયોજનો જોવા મળી રહ્યાં છે. ખાસ કરીને આ માસમાં આવી રહેલા વસંતપંચમીના તહેવારે પણ લગ્ન સમારંભોના આયોજન વધુ સંખ્યામાં યોજાયા છે જેનું મુખ્ય કારણ આ દિવસને વણજોયુ મુહૂર્ત તરીકે માનવામાં આવે છે. આગામી સપ્તાહના અંતમાં શનિ-રવિની રજાઓમાં નગરજનો આ લગ્ન સમારંભોમાં વ્યસ્ત રહેશે. વળી, ફેબ્રુઆરી માસના ઉત્તરાર્ધમાં પણ નોંધપાત્ર સંખ્યામાં લગ્ન સમારંભ યોજાવાના છે. જેના કારણે આ માસ પણ શહેરીજનો માટે લગ્નગાળાની સીઝનથી ભરપૂર રહેશે.



રાજય મધ્યસ્થ ગ્રંથાલય આયોજિત જુના સાયમિક વેચાણમાં નગરજનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

## ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિની આજરોજ યોજાયેલી સમીક્ષા બેઠકમાં લોકસભાની ચૂંટણી લોકસભાની ચૂંટણી અંગે જરૂરી માર્ગદર્શન આપીને થયેલ કામગીરીની સમિક્ષા કરી હતી. તેમજ ભાવી કાર્યક્રમો અંગે જેમા આજરોજ પેથાપુર શહેર કોંગ્રેસની કારોબારી બેઠક ઉપરાંત પેથાપુર ખાતે સાંજે ૫ કલાકે, પિંડારડા ખાતે સાંજે ૬ કલાકે અને




અંગે જરૂરી માર્ગદર્શન આપી કાર્યકરોને આગામી ચૂંટણી માટે તૈયાર રહેવા આહવાન કરવામાં આવ્યું હતુ.

એ.આઈ.સી.સી. સેક્રેટરી જીતેન્દ્ર બઘેલજીની ઉપસ્થિતિમા રવિવારે જિલ્લા કોંગ્રેસ કાર્યાલય સે-૨૨ ખાતે ગાંધીનગર લોકસભા બેઠકમાં સમાવિષ્ટ કલોલ અને ગાંધીનગર ઉત્તર વિધાનસભાના પદાધિકારીઓ અને આગેવાનોની એક સમિક્ષા બેઠક યોજવામા આવી હતી. જેમા જીતેન્દ્ર બઘેલજીએ માર્ગદર્શન આપીને માઈક્રો બુથ મેનેજમેન્ટના પાઠ ભણાવ્યા હતા. આ સમિક્ષા બેઠકમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભી, ધારાસભ્યો સર્વે સુરેશભાઈ પટેલ, ડૉ. સી. જે. ચાવડા ઉપરાંત સંગઠનના પ્રમુખો ચુંટાયેલા પ્રતીનિધિઓ તેમજ જિલ્લા કોંગ્રેસના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

વધુમા જિલ્લા કોંગ્રેસે અખબારી યાદીમા જણાયુ છેકે કોંગ્રેસ પક્ષે આગળના તબક્કામા વિવિધ કાર્યક્રમો જાહેર કર્યા છે. રાંધેજા ખાતે સાંજે ૭ કલાકે ખાટલા પરિષદો પણ યોજવામા આવી હતી. ઉપરાંત વિવિધ તાલુકાની કારોબારી બેઠકો પણ યોજવામા આવી છે. જેમા તારીખ ૪-૨-૨૦૧૯ના રોજ તાલુકા પંચાયત ખાતે કલોલ શહેર/તાલુકા કોંગ્રેસની કારોબારી બેઠક સવારે ૧૦ કલાકે તેમજ તાલુકા પંચાયત કચેરી ખાતે બપોરે ૧૨ કલાકે જનઆક્રોશ રેલી યોજિને મામલતદારશ્રીને આવેદન પત્ર આપવાનો કાર્યક્રમ યોજાશે તેવુ જિલ્લા પ્રમુખ સૂર્યસિંહ ડાભીએ જણાવ્યુ હતુ.

## સે-૨૮ પાસેથી ચોરીના એકટીવા સાથે એક શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર એલસીબી પોલીસ ઈન્સ્પેક્ટરની સૂચનાથી તેમની ટીમ વાહન ચોર પકડવા માટે સક્રિય થઈ છે ત્યારે ગઈકાલે આ ટીમના હાથમાં પેથાપુર કસ્બા વિસ્તારમાં રહેતો યુવાન ઝડપાયો હતો જેની પાસેથી ચોરીનું એકટીવા મળી આવ્યું હતું. કોન્સ્ટેબલ નરેશકુમારને મળેલી બાતમીના આધારે સેક્ટર-૨૮ દત્ત મંદિર પાસેથી એલસીબીની ટીમે નંબર વગર એકટીવા લઈને ફરતા પેથાપુર કસ્બા વિસ્તારમાં રહેતા સમીર સરકુદીન ચૌહાણને પકડી પાડ્યો હતો. નંબર પ્લેટ વગરના એકટીવા લઈને ફરી રહેલા સમીર ને પકડીને આ એકટીવા સંદર્ભે સઘન પૂછપરછ કરતા સમીરે પોતે પાંચેક દિવસ પહેલા જ સે-૨૮ ખાતે આવેલા એક ફ્લેટની આગળથી આ એકટીવા ચોરી કરી હોવાનું કબૂલ્યું છે. જેના આધારે




એલસીબીની ટીમે તેની ધરપકડ કરી એકટીવા રિકવર કરીને તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## શિયાળાની ઠંડીમાં પુસ્તક પરબ યોજાઈ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરમાં ફેબ્રુઆરી માસના પ્રથમ રવિવારે સવારે માતૃભાષા અભિયાન પ્રેરિત તથા આત્મ ફાઉન્ડેશન દ્વારા સંચાલિત પુસ્તક પરબ યોજાઈ હતી. આ પુસ્તક પરબમાં શિયાળાની ઠંડીના માહોલમાં પણ યુવાનો સહિતના વાચકોએ ઉત્સાહપૂર્વક રસ દાખવ્યો હતો અને પોતાની રૂચિ અનુસારના પુસ્તકો પ્રાપ્ત કર્યા હતા.

પાટનગરની મધ્યમાં આવેલા ઘ-૪ સર્કલે સવારની ફુલગુલાબી ઠંડીમાં યોજાયેલી પુસ્તક પરબમાં યુવા વાચકો સહિત શહેરના પુસ્તકપ્રેમી વાચકોએ ઠંડીની પરવા કર્યા વિના પુસ્તક પરબની મુલાકાત લીધી હતી. આ પુસ્તક પરબમાં આજે ૧૫૩ પુસ્તકો તથા ૧૧૫ મેગેઝીનો મળીને કુલ જાવક ૨૬૮ નોંધાઈ હતી, જ્યારે પુસ્તક પરબને ૮૨ પુસ્તકો તથા ૪૦ મેગેઝીન મળીને કુલ ૧૨૨ની આવક થવા પામી હતી. દર વખતની જેમ આ વખતે પણ પુસ્તક પરબના આયોજકો તથા સ્વયંસેવકો દ્વારા પરબની કામગીરીને સુપેરે સંભાળવામાં આવી હતી.

# જાહેર સાહસો, ટ્રસ્ટ અને સંસ્થાઓએ સરપ્લસ નાણાં સરકારમાં ફરજીયાત જમા કરવા પડશે

**દિલ્હીમાં અતનુ ચક્રવર્તી અને ગુજરાતમાં અગ્રવાલનો બજેટ ઘડતરમાં સૌથી મોટો હિસ્સો છે**

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

ગુજરાતના જાહેર સાહસો તેમને બજેટમાં મળેલી સરકારી જોગવાઈ કે ગ્રાન્ટના નાણાં વાપરશે નહીં તો તે રૂપિયા સીધા સરકારમાં જમા થઈ જશે. રાજ્યના નાણા વિભાગે તમામ બોર્ડ અને કોર્પોરેશનને એવો આદેશ કર્યો છે કે સરકારે જે હેતુ માટે નાણા ફાળવ્યા હોય અને તે એક વર્ષ સુધી વપરાશે નહીં તો તેને ફરજીયાત સરકારની એકત્રિત નીધિ એટલે કે કોન્સોલિડેટેડ ફંડમાં જમા કરવા પડશે. સરકારના ધ્યાન પર આવ્યું છે કે કેટલાક નિગમ તેમના સરપ્લસ નાણાં બેન્કો કે ગુજરાત સ્ટેટ ફાયનાન્સિયલ સર્વિસીઝ (જીએસએફએસ)માં મૂકી રાખીને વ્યાજની રકમ મેળવે છે. નાણા વિભાગે આ સરપ્લસ નાણાંનો સમયસર ઉપયોગ કરવા અથવા તો તેને પાછા આપવા કહેવાયું છે. વણ વપરાયેલા નાણાં બેન્કો કે સરકારી નાણાકીય સંસ્થામાં મૂકી રાખવા એ હવે ગેરસિસ્ત ગણાશે. નાણા વિભાગે માત્ર જાહેર સાહસો માટે જ નહીં, પરંતુ સરકારી સંસ્થા, સોસાયટી, ટ્રસ્ટ અને મિશનને પણ આ પ્રકારના આદેશ આપ્યા છે. જો કોઈપણ બોર્ડ કે નિગમ અથવા સંસ્થાએ તેમના સરપ્લસ નાણાં જીએસએફએસ કે બેન્કમાં મૂકેલા હશે તો તે નાણાં ઉપરાંત તેના પેટે મળેલું વ્યાજ પણ સરકારમાં જમા કરાવવું પડશે. ઉલ્લેખનીય છે કે રાજ્યના નાણા વિભાગે અગાઉ એવો આદેશ કર્યો હતો કે સરકારી સાહસોએ તેમના સરપ્લસ નાણાં જાહેર અને ખાનગી ક્ષેત્રની બેન્કોમાં મૂકવાની જગ્યાએ સરકારની ફિનાન્સ સંસ્થામાં મૂકવાના રહેશે પરંતુ આ આદેશનું પાલન ન થતાં વિભાગે બીજો આદેશ કરવો પડ્યો છે અને હવે તમામ બાકી નાણાં સરકાર હસ્તક કરી લેવાશે.

**ભાજપને ઉમેદવાર ઉભા રાખવાની જ જરૂર નથી...**

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી થાય ત્યારે હવે ભાજપને ઉમેદવાર ઉભા રાખવાની જરૂર નથી, કેમ કે પાર્ટીને તૈયાર ચૂંટાયેલા ઉમેદવારો મળી જાય છે. આપણે ગુજરાતમાં કોઈ ધારાસભ્ય બીજી પાર્ટીમાં જોડાય તેને બળવાખોર કહેતા હતા પરંતુ હવે બળવાખોર શબ્દ વાપરવામાં આવતો નથી. છેલ્લે ૧૯૯૫માં શંકરસિંહ વાઘેલાએ ભાજપ સાથે છેડો ફાડ્યો હતો તેને બળવો કહેવાયો હતો. ભાજપના બળવાખોરો શંકરસિંહ સાથે જોડાયા એવાં ઉપનામ મળતા હતા. હવે કોંગ્રેસના ધારાસભ્ય ભાજપમાં જોડાયા છે એવું કહેવાય છે. સૌમ્ય ભાષામાં એવું પણ કહેવાય છે કે-- કોંગ્રેસના ધારાસભ્યએ ભાજપની વિચારધારાનો સ્વિકાર કર્યો છે. વિધાનસભાની ચૂંટણીમાં ભલે બન્ને પાર્ટીના ઉમેદવારો એક બીજાની સામે માથાં ફુટે તેવા ચૂંટણી પ્રવચનો આપતા હોય, ભાજપના નેતાઓ ચૂંટણી પ્રચારમાં કોંગ્રેસને ભ્રષ્ટાચારી ભલે કહેતા હોય પરંતુ કોંગ્રેસનો ઉમેદવાર જીત્યા પછી ભાજપને તે સારો અને પવિત્ર લાગે છે. આજે વાલિયા માંથી વાલ્મિકી બનતા નેતાઓને આપણે જોઈ રહ્યાં છીએ. ગુજરાતમાં ૧૯૯૫ પછી કોંગ્રેસમાંથી ભાજપમાં ગયેલા સાંસદોની સંખ્યા ૧૨ અને ધારાસભ્યોની સંખ્યા ૬૫ થવા જાય છે. છેલ્લે કુંવરજી બાવળિયા કોંગ્રેસને ત્યાગીને કેબિનેટ મિનિસ્ટર બની ગયા. હવે ડો. આશાબહેન પટેલ ઊંઝાના ધારાસભ્ય પદેથી રાજીનામું આપીને ભાજપમાં જવા તૈયાર થયાં છે. રાહુલ ગાંધી હવે તેમને ખરાબ લાગે છે. કોંગ્રેસ પાર્ટી હવે ગંદી લાગે છે. વાહ, આનું નામ જ રાજકારણ, અને આ સ્થિતિ ને જ રાજનીતિ કહેવાય છે.

**ચૂંટણીમાં ભાજપને ઉમેદવાર ઉભા રાખવાની જરૂર નથી, કેમ કે કોંગ્રેસ જ આપી દેતી હોય છે**

**ગુજરાતના વોટ ઓન એકાઉન્ટમાં રાહત હોઇ શકે છે...**

ગુજરાતના નાણામંત્રી નિતીન પટેલ ૧૮મી ફેબ્રુઆરી થી શરૂ થતાં વિધાનસભા સત્રમાં વર્ષ ૨૦૧૯-૨૦નું વચગાળાનું બજેટ રજૂ કરવાના છે. આ બજેટ માત્ર ચાર મહિનાના ખર્ચ માટેનું છે જેની રકમ ૬૫૦૦૦ કરોડ રૂપિયા જેટલી થવા જાય છે. રાજ્યમાં જ્યારે લોકસભાની ચૂંટણી આવે છે ત્યારે વચગાળાનું બજેટ રજૂ કરવાનું થતું હોય છે. આ અગાઉ ૨૦૧૪માં લોકસભાની ચૂંટણી આવી હતી ત્યારે નાણામંત્રી નિતીન પટેલ હતા. તેમણે વચગાળાનું બજેટ રજૂ કર્યું હતું જેનું કદ ૪૦૦૦૦ કરોડ રૂપિયા રાખવામાં આવ્યું હતું. પાંચ વર્ષ પછી આ કદમાં ૨૫ હજાર કરોડનો વધારો થવાનો છે. રાજ્ય સરકાર ૧લી એપ્રિલ થી ૩૧મી જુલાઈ સુધીના ચાર મહિના માટે વોટ ઓન એકાઉન્ટ લઈ રહી છે જેમાં કેટલીક મહત્વની જાહેરાતો થવાની સંભાવના છે, કેમ કે લોકસભાની ચૂંટણી આવી રહી છે ત્યારે કેન્દ્ર સરકારે તેના વચગાળાના બજેટમાં જેવી જાહેરાતો કરી છે તેવી જાહેરાતો ગુજરાત સરકાર પણ કરી શકે છે.રાજ્યની સાડા છ કરોડની જનતાને રાહત મળે તેવા કેટલાક પ્રયાસોઆ વચગાળાના બજેટમાં હશે તો નવાઈ પામવા જેવું નહીં હોય. ઉલ્લેખનીય છે કે સરકાર રાજ્યમાં જંત્રીના દરોમાં વધારો કરવા માગે છે પરંતુ લોકસભાની ચૂંટણી આવતી હોવાથી આ વધારો જૂન સુધીમાં અમલમાં આવી શકે છે. જંત્રીના દરમાં વધારો થતાં રિયલ એસ્ટેટ માર્કેટમાં મિલકત ખરીદનાર વર્ગને જંગી ભાવવધારો સહન કરવો પડશે.

**ગુજરાત સરકારનું વચગાળાનું બજેટ કોણે બનાવ્યું છે...**

ગુજરાતના બજેટના ઘડવૈયા દર વર્ષે બદલાય છે. આ વખતે વચગાળાના બજેટની સંપૂર્ણ જવાબદારી નાણા વિભાગના અધિક મુખ્ય સચિવ અરવિંદ અગ્રવાલની છે. આ વખતે અગ્રવાલની સાથે જીએસટી કમિશનર પી.ડી.વાઘેલા, ઈકોનોમી અફેર્સના સેક્રેટરી સંજીવ કુમાર, એક્સપેન્ડિચર સેક્રેટરી મિલીંદ તોરવણે, ઈન્સ્ટીટ્યુશનલ ફિનાન્સ ડાયરેક્ટર અભિષેક કુમાર સિંહા, ટેક્સના જોઈન્ટ સેક્રેટરી સીજે મેકવાન અને બજેટના જોઈન્ટ સેક્રેટરી એસ છાકછુક નો સમાવેશ થાય છે. એ ઉપરાંત બજેટમાં સપોટિંગ રોલ ઈકોનોમી-કોઓર્ડિનેશનના ડેપ્યુટી સેક્રેટરી જે.બી.પટેલ અને વિભાગના યુએસ તેમજ ડીએસનો પણ હોય છે. વિભાગોના બજેટમાં સરકારના ૨૨ જેટલા સિનિયર આઈએએસ ઓફિસરો તરફથી પણ જોગવાઈ અને નવી યોજનાઓ દાખલ થતી હોય છે. રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણી અને નાણામંત્રી નિતીન પટેલ આખરી ઓપ અપાયેલા બજેટને સુધારા વધારા સાથે મંજૂર કરતા હોય છે. રાજ્યના બજેટમાં ૩૫ જેટલા મહત્વના ઓફિસરોનું બહુ મોટું યોગદાન હોય છે. એસીએસ ફાયનાન્સના હાથ નીચે રાજ્યનો નાણા વિભાગ એક્સપેન્ડિચર સેક્રેટરી, ઈકોનોમિક અફેર્સ સેક્રેટરી અને કમિશનર એન્ડ સેક્રેટરી (બ્યુરો ઓફ પબ્લિક સેક્ટર એન્ટરપ્રાઈઝિસ) એમ કુલ ત્રણ ભાગમાં વહેંચાયેલો છે, જેમાં ૧૯ ઓફિસરોનો સમાવેશ થાય છે.

**ભાજપ માટે નબળી બેઠક હોય ત્યાં કોંગ્રેસને જોખમ...**

ગુજરાતમાં લોકસભાની ચૂંટણીમાં ૨૬ બેઠકોનો ટારગેટ બનાવનારા ભાજપને નબળી બેઠકોની ચિંતા થઈ છે. આ બેઠકોમાં પાર્ટીના આગેવાનો કે સંનિષ્ઠ કાર્યકરો ઉમેદવાર બની શકે તેવા નથી પરંતુ કોંગ્રેસના આયાતી ધારાસભ્યો ઉત્તમ ઉમેદવાર બને છે. કોંગ્રેસના પાંચ થી સાત ધારાસભ્યો ભાજપના બેસ્ટલિસ્ટમાં છે. કોંગ્રેસને તોડીને લોકસભાની ચૂંટણી જીતવી છે. ભાજપને અફસોસ હતો કે વિધાનસભાની ચૂંટણીમાં ૯૯નો આંકડો ખરાબ લાગે છે. શરમ આવે છે, કારણ કે ભાજપને છેલ્લી ચાર ચૂંટણીમાં ૧૧૩ થી ૧૨૭ બેઠકો મળેલી છે. આટલા માટે જ કોંગ્રેસના મજબૂત કોળી ધારાસભ્ય કુંવરજી બાવળિયાને ભાજપમાં લાવવામાં આવ્યા અને બે કલાકમાં જ કેબિનેટ મંત્રી બનાવી દેવામાં આવ્યા હતા. ડો. આશાબહેન પટેલને પણ રાજીનામું અપાવ્યું છે અને ભાજપનો તેમનો હોદ્દો ફિક્સ કરવામાં આવ્યો છે. ગુજરાતમાં ભાજપ માટે ૧૨ બેઠકો નબળી છે અને આ બેઠકો જ્યાં આવેલી છે તે ગીર સોમનાથ, અરવલ્લી, અમરેલી, મોરબી, જૂનાગઢ, આણંદ, તાપી, નર્મદા, ડાંગ, સુરેન્દ્રનગર, પાટણ, ગાંધીનગર, જામનગર, છોટા ઉદેપુર અને બનાસકાંઠા જિલ્લાની છે. ભાજપ તેની અંદરના નહીં પણ કોંગ્રેસના મજબૂત ધારાસભ્યોને શોધી રહી છે. એટલે કે ભૂતકાળની ચૂંટણી જેમની સામે લડ્યા હતા તેમના માટે ચૂંટણી પ્રચાર કરવાના દિવસો ભાજપમાં આવી ગયા છે.

**કોંગ્રેસના મજબૂત ઉમેદવારો માટે ''આયે દિન બહાર કે'' : ભાજપની નજર ૧૨ બેઠકો ઉપર છે**

**શંકરસિંહ વાઘેલાનો પ્લાન શું છે તે ખબર પડતી નથી...**

ગુજરાતના સિનિયર નેતા શંકરસિંહ વાઘેલા શું કરે છે તેની ખબર લોકોને મોડી પડે છે. તેઓ મુખ્યમંત્રી હતા ત્યારે પણ લોકો જે રસ્તે તેમની વાટ જોતાં હોય તે રસ્તે શંકરસિંહ કદી આવ્યા નથી. તેઓ અલગ જ માર્ગ પરથી આવ્યા છે. ૧૯૯૫માં પહેલા બળવા પછી શંકરસિંહ વાઘેલાએ જાહેરમાં કહ્યું હતુ કે મારે મુખ્યમંત્રી બનવું નથી. ૧૯૯૬માં બીજા બળવામાં પણ તેમણે કહ્યું કે મારે મુખ્યમંત્રી થવું નથી, પરંતુ સંજોગોએ મને મુખ્યમંત્રી બનાવ્યો હતો તેવું તેમણે તે સમયે કહ્યું હતું. આમ છતાં તેમની શક્તિઓને ભાજપ અને કોંગ્રેસ એમ બન્ને પાર્ટીઓ પહેચાને છે. બાપુ પહેલાં સંઘના સેવક હતા. તેમાંથી તેઓ ભાજપમાં આવ્યા હતા. પછી તેમણે સત્તા માટે કોંગ્રેસમાં પ્રવેશ કર્યો હતો અને હવે લોકસભાની ચૂંટણી પહેલાં તેઓ એનસીપીમાં તેઓ જોડાયા છે. ૧૯૯૬-૯૭માં તેમણે નવી પાર્ટી રાજપા પણ બનાવી હતી. શંકરસિંહે રાજપાની રચના કરી ત્યારે તેમણે યુવાનોને એકત્ર કરીને શક્તિદળની રચના કરી હતી, પરંતુ સત્તા ગયા પછી શક્તિદળ વિખેરી નાંખ્યું હતુ પરંતુ કોંગ્રેસમાં તેઓ પ્રદેશ પ્રમુખ હતા ત્યારે તેમણે આ જ શક્તિદળને જીવિત કરવાનો પ્રયાસ કર્યો હતો પણ તેઓ ફાવ્યા નહીં અને પ્રદેશ પ્રમુખપદ છોડવું પડ્યું હતું. હવે એનસીપીમાં જઈને તેમણે શક્તિદળની રચના કરી છે. આ શક્તિદળમાં તેઓ રાજ્યના યુવાનોને નિયુક્તિ આપે છે. તેમનું આ યુવા સંગઠન કહેવાય છે, જોઈએ લોકસભામાં તે કેવું કામ આપે છે.

**કેન્દ્રમાં અતનુ ચક્રવર્તી બજેટની ટીમનો હિસ્સો છે...**

ભારત સરકારના બજેટમાં આર્થિક બાબતોના સચિવ, ખર્ચ સચિવ,નાણા સચિવ, મુખ્ય આર્થિક સલાહકાર, સીબીઈસી, સીબીડીટીના ચેરમેન, નાણામંત્રી, ડીઆઈપીએએમ સેક્રેટરી અને નાણાકીય સેવાઓના સચિવ મુખ્ય હોય છે. બજેટ માટે ટોપ બ્યુરોક્રેટ્સની નવી ટીમ છે. કેન્દ્રના બજેટની ટીમમાં સૌથી અનુભવી હાથ નાણા સચિવ અજય નારાયણ ઝા નો છે, તેઓ ખર્ચ વિભાગનો હવાલો સંભાળે છે. બીજાક્રમે સુભાષ ચંદ્ર ગર્ગ આવે છે કે જેઓ વોશિંગ્ટનમાં વર્લ્ડ બેન્કના એક્ઝિક્યુટિવ ડીરેક્ટર રહી ચૂક્યાં છે. તેમની ટીમમાં ક્રિશ્નમૂર્તિ સુબ્રમણ્યમ, ચીફ ઈકોનોમિક એડવાઈઝર, દિનેશચંન્દ્ર શર્મા, એડિશનલ ડીરેક્ટર જનરલ, સંજીવ સન્યાલ, પ્રિન્સિપલ ઈકોનોમિક એડવાઈઝરનો સમાવેશ થાય છે. બીજા એક ઓફિસર અજય ભૂષણ પાંડે કેન્દ્ર અને રાજ્ય સરકારમાં ૩૪ વર્ષથી સેવાઓ આપે છે. કેન્દ્રની આવકની દેખરેખ રાખે છે અને અને યુનિયન બજેટને આકાર આપવામાં તેઓ નિર્ણાયક છે. તેઓ જીએસટીએન ના અધ્યક્ષ તરીકે પણ સ્થાન ધરાવે છે. બીજી તરફ ઝારખંડ કેડરના ૧૯૮૪ની બેચના આઈએએસ રાજીવકુમાર ૨૧ રાજ્ય સંચાલિત બેંકોની જવાબદારી સંભાળે છે. ગુજરાત કેડરના આઈએએસ અધિકારી અતનુ ચક્રવર્તી ડિસઈન્વેસ્ટમેન્ટના નિર્ણાયક લક્ષ્યને પહોંચી વળવાની કામગીરી કરે છે. બજેટના ઘડતરમાં તેમનો મહત્વનો રોલ છે. યુનિયન બજેટમાં વરિષ્ઠ અધિકારી સુશીલ ચંદ્રાની ભૂમિકા પણ નિર્ણાયક છે કારણ કે ડાયરેક્ટ ટેક્સ અને વાર્ષિક ફાઈનાન્સ બિલનો સૌથી મોટો ભાગ બજેટમાં રહેતો હોય છે. વરિષ્ઠ અમલદાર પ્રણવ કુમાર દાસ કેન્દ્ર સરકારમાં પરોક્ષ કરવેરાની દેખરેખ રાખે છે. સ્થાનિક ઉત્પાદન અને વૈશ્વિક વેપારને લગતી બાબતોને પ્રોત્સાહન આપવા પર નીતિનું ધ્યાન કેન્દ્રિત કરે છે. બજેટમાં તેમનું કામ કસ્ટમ્સ ડ્યુટી સંબંધિત હોય છે.